પરદેશ પાર્સલસેવા
www.chipsairexp.com
CHIPS Express
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0',
સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૨૮ | ૧૭ જુલાઈ, ૨૦૧૮, મંગળવાર; અષાઢ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટ્યા**

પેટ્રોલમાં ૧૧ પૈસા જ્યારે ડીઝલમાં ૧૪ પૈસાનો ઘટાડો થતાં મધ્યમવર્ગીય પરિવારોને નજીવી રાહત મળી છે.

**મહિલા બીલ માટે કોંગ્રેસનુ સમર્થન**

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખી જણાવ્યુ છે કે સંસદમાં મહિલા બીલ પાસ કરાવવા કોંગ્રેસ બીનશરતી સમર્થન આપશે.

**મેહુલ ચોક્સી યુએસમાં નથી**

ભારતમાંથી તેર હજાર કરોડનું કૌભાંડ કરી ભાગી છુટેલા મેહુલ ચોકસી યુએસમાં નહી હોવાની જાહેરાત વોશીંગ્ટન ઈન્ટરપોલે કરી છે. ભારતીય હાઈકમિશ્નરને તેની જાણ કરવામાં આવી છે.

**અરૂણ જેટલી મોનસૂન સત્રમાં ગેરહાજર હશે**

કેન્દ્રિય મંત્રી અરૂણ જેટલી સંસદના અતિ મહત્વપૂર્ણ મોનસૂન સેશનમાં હાજરી આપશે નહીં. ૧૪મી મેના દિવસે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ એમ્સમાં અરૂણ જેટલીએ કિડની ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરાવી હતી.

**કુપવાડામાં એક આતંકી ઠાર**

કુપવાડા,તા.૧૬

જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં આતંકીઓ અને સેના વચ્ચે એન્કાઉન્ટર ચાલી રહ્યું છે. એન્કાઉન્ટરમાં જવાનોએ એક આતંકીને ઠાર કરી દીધો છે. ગોળીબારમાં બે જવાન પણ ઘાયલ થયા છે.

# જથ્થાબંધ ફુગાવો વધી ૫.૭૭ ટકા

**મોંઘવારી વધી : શાકભાજી, પેટ્રોલિયમ પેદાશોની કિંમતમાં ઉલ્લેખનિય વધારો : શાકભાજીમાં ફુગાવો ૨.૫૧ ટકાથી વધીને જૂનમાં ૮.૧૨ ટકા થયો : બટાકા, ડુંગળીની કિંમતમાં પણ નોંધાયેલો વધારો : કઠોળની કિંમતમાં ઘટાડાનો દોર**



નવી દિલ્હી, તા.૧૬

હોલસેલ પ્રાઈઝ ઉપર આધારિત ફુગાવાનો આંકડો આજે જારી કરવામાં આવ્યો હતો. શાકભાજી અને ફ્યુઅલની ચીજવસ્તુઓની કિંમતોમાં વધારો થવાના પરિણામ સ્વરૂપે જૂન મહિનામાં હોલસેલ પ્રાઈઝ ઉપર આધારીત ફુગાવો વધીને ૫.૭૭ ટકા સુધી પહોંચી ગયો છે. મે મહિનામાં હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારીત ફુગાવો (ડબલ્યુપીઆઈ) ૪.૪૩ ટકા રહ્યો હતો. ગયા વર્ષે જૂન મહિનામાં આ આંકડો ૦.૯૦ ટકા હતો. સરકાર દ્વારા આજે ખૂબ જ મહત્વપૂર્ણ ગણાતા માઈક્રો ઈકોનોમિક ડેટા જારી કરવામાં આવ્યા હતા. ખાદ્યાન્ન ચીજવસ્તુઓમાં રહેલા ફુગાવામાં વધારો થયો છે. આ ફુગાવો જૂન ૨૦૧૮માં ૧.૮૦ ટકા રહ્યો છે.

જે અગાઉના મહિનામાં ૧.૬૦ ટકા હતો. શાકભાજીમાં ફુગાવો જૂન મહિનામાં વધીને ૮.૧૨ ટકા થયો છે. જે ગયા મહિનામાં ૨.૫૧ ટકા હતો. શાકભાજીની કિંમતમાં ઉલ્લેખનિય વધારો થતા ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને માઠી અસર થઈ છે. આવી જ રીતે ફ્યુઅલ અને પાવર બાસ્કેટમાં ફુગાવો જૂન મહિનામાં વધીને ૧૬.૧૮ ટકા થયો છે જે મે મહિનામાં ૧૧.૨૨ ટકા હતો. વૈશ્વિક ક્રુડ ઓઈલની કિંમતમાં

● અનુસંધાન પાન-૭ પર

## મોદીની રેલીમાં વરસાદ વચ્ચે ટેન્ટ તૂટ્યો : ૨૨ ઈજાગ્રસ્ત

**ઈજાગ્રસ્તોને મળવા મોદી હોસ્પિટલમાં પહોંચ્યા**



મિદનાપુર, તા. ૧૬

પશ્ચિમ બંગાળના મિદનાપુરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રેલી દરમિયાન ખરાબ હવામાન અને વરસાદ વચ્ચે ટેન્ટ તૂટી પડતા ૨૨ લોકો ઘાયલ થઈ ગયા હતા. ઘાયલ થયેલા તમામ લોકોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. રેલી પુરી થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પણ હોસ્પિટલમાં મળવા માટે પહોંચ્યા હતા. ઈજાગ્રસ્તો અંગે માહિતી મેળવી હતી. એક પોલીસ અધિકારીએ કહ્યું હતું કે રેલીના સ્થળના મુખ્ય પ્રવેશ નજીક ટેન્ટ સ્થાપિત કરવામાં આવ્યા બાદ વરસાદથી બચવા માટે લોકો તેની નીચે એકત્રિત થયા હતા. રેલી દરમ્યાન અનેક ઉત્સાહિત કાર્યકરો ટેન્ટની અંદર એકત્રિત થયા હતા. વડાપ્રધાન મોદી વારંવાર સાવચેતી રાખવા માટે અપીલ કરતા નજરે પડી રહ્યા હતા. મોદી જ્યારે ભાષણ આપી રહ્યા હતા ત્યારે ટેન્ટ ધરાશાયી થતા તેઓએ પણ મદદ માટે કહ્યું હતું. મોદીએ પોતાની પાસે ઉભેલા એસપીજી કર્મીઓને તરત જ લોકોની સારવારમાં જોડાઈ જવા માટે અને ઘાયલોની મદદ કરવા કહ્યું હતું. મોદીએ આજે પશ્ચિમ બંગાળના પ્રવાસે પહોંચ્યા હતા.


# ફારૂક અબ્દુલ્લા સામે ચાર્જશીટ દાખલ

**સીબીઆઈ દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવી : બોગસ બેંક ખાતાઓ ખોલી સ્ટેટ ક્રિકેટ એસોસિએશનના ફંડની ઉંચાપત કરવાનો ફારૂક અને અન્યો ઉપર આક્ષેપ**

નવી દિલ્હી, તા.૧૬

બોગસ બેન્ક ખાતાઓ ખોલીને જમ્મુ-કાશ્મીર ક્રિકેટ એસોસિએશનના ફંડની ઉંચાપત કરવા બદલ જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લા અને અન્ય ત્રણ સામે આજે સીબીઆઈ દ્વારા ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ફારૂક અબ્દુલ્લા જમ્મુ-કાશ્મીર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ તરીકે હતા તે વખતે આ ગેરરીતિઓ અને નાણાની ઉંચાપતની બાબત સપાટી પર આવી હતી. ૨૦૦૧ અને ૨૦૧૧ વચ્ચે રાજ્ય ક્રિકેટ બોડીમાં ગેરરીતિઓ સપાટી પર આવી હતી. એવો આક્ષેપ કરવામાં

● અનુસંધાન પાન-૭ પર



# ટ્રમ્પ અને પુટીન વચ્ચે ઐતિહાસિક શિખર બેઠક

**બંને દેશો વચ્ચે સંબંધો મજબૂત કરવા તૈયારી : ફિનલેન્ડના પાટનગર હેલસિંકીમાં બંને નેતાઓ વચ્ચે બેઠક**

હેલસિંકી, તા.૧૬

અમેરિકા અને રશિયા વચ્ચેના સંબંધો ભલે ઉતાર ચઢાવ



વાળા રહ્યા છે પરંતુ આજે બંને દેશોના નેતા ફિનલેન્ડના પાટનગર હેલસિંકીમાં મળ્યા ત્યારે તેમની વચ્ચે સંબંધોને સુધારવાને લઈને ઉત્સુકતા સ્પષ્ટપણે દેખાઈ હતી. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતીન વચ્ચે ઐતિહાસિક શિખર મંત્રણાની શરૂઆત આ બાબતથી થઈ હતી કે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધો સ્થાપિત કરવામાં આવશે. ટ્રમ્પે કહ્યું હતું કે અસામાન્ય સંબંધો સ્થાપિત કરવામાં આવશે. પુતીને કહ્યું હતું કે દુનિયાભરના રહેલા વિવાદોનો ઉકેલ સમયની જરૂરીયાત છે. સમિટ દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા અને રશિયા સાથે મળીને ચાલી રહ્યા ન હતા પરંતુ તેમને લાગે છે કે દુનિયા આ બંને દેશોને સાથે જોવા માંગે છે. પુટીને કહ્યું હતું કે ટ્રમ્પે હંમેશા ફોન મારફતે આંતરરાષ્ટ્રીય ઈવેન્ટો દ્વારા સંપર્કો યથાવત રાખ્યા છે. હવે સમય આવી ગયો છે કે અલગ અલગ આંતરરાષ્ટ્રીય સરહદો અને સમસ્યાઓ પર વાત કરવામાં આવે. ટ્રમ્પે આજે ટ્વીટ કરીને કહ્યું હતું કે રશિયાની સાથે અમારા સંબંધો ક્યારે પણ એટલા ખરાબ રહ્યા નથી. આની તપાસ પણ કરવાની જરૂર નથી. નાટો સમિટ દરમિયાન ટ્રમ્પે કહ્યું હતું કે પુટીન તેમના દુશ્મ નહીં પરંતુ સ્પર્ધક છે. ગયા સપ્તાહમાં એવા અહેવાલ પણ આવ્યા હતા કે તેમની વચ્ચે જોરદાર ખેંચતાણ રહેલી છે. અત્રે નોંધનિય છે કે ટ્રમ્પ પર સતત એવું દબાણ લાવવામાં આવી રહ્યું છે કે તેઓ આ સમિટ દરમ્યાન પુટીનની સામે ચૂંટણીમાં રશિયન દરમ્યાનગીરીનો મુદ્દો ઉઠાવે. જોકે આ મુદ્દો છવાયો ન હતો. પુટીન પહેલા પણ પોપ અને બ્રિટનના મહારાણીને મળવા માટે પહોંચ્યા હતા. ટ્રમ્પ અને તેમના અધિકારી આ સમિટમાં એવી અપેક્ષા રાખી રહ્યા ન હતા. જોકે હલેસિંકીમાં આયોજિત આ સમિટ થોડીક મોડેથી શરૂ થઈ હતી કારણ કે રશિયન પ્રમુખ વ્લાદીમીર પુટીન મોડેથી પહોંચ્યા હતા. અલબત્ત ટ્રમ્પે તેમનો સાથ આપ્યો હતો અને મંત્રણાને લઈને ઈન્તજાર કર્યો હતો.

## ઉત્તરાખંડમાં આભ ફાટતાં ભારે તબાહી

દહેરાદૂન,તા.૧૬

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં આભ ફાટતાં ભારે તારાજી સર્જાઈ છે. જેમાં પાંચ પરિવાર બેઘર બની ગયાં છે. આ ઉપરાંત ૧૦ દુકાન અને ૧૦ વાહન અને ૧૦ દુકાન તણાઈ ગયાં છે. જેમાં ત્રણ બોલેરો અને એક મેકસ ૨ કાર, ચાર બાઈકનો સમાવેશ થાય છે.આ સિવાય ગૌશાળામાં કેટલાંક પશુઓ દબાઈ ગયાં હોવાનું જાણવા મળે છે. હવામાન વિભાગે હજુ પણ ૨૪ કલાકમાં ભારે વરસાદની આગાહી કરી છે.

જિલ્લા અધિકારી આશિષ જોશીએ જિલ્લાની આઈઆરએસ ટીમના આધિકારીઓ સાથે સવારે ચાર કલાકે આપાતકાલિન વ્યવસ્થા ગોઠવવા પૂરની સ્થિતિની સમીક્ષા કરવા આદેશ આપ્યો છે. આ ઉપરાંત બેઘર થયેલા લોકોને તેમજ પશુઓને આશરો આપવા વ્યવસ્થા કરવા પણ જણાવવામાં આવ્યું છે. બીજી તરફ ચટવાપીપલ નજીક કાટમાળ વહીને આવતાં રોડ બ્લોક થઈ ગયો છે. દરમિયાન આજે સવારે પણ વરસાદ ચાલુ જ રહ્યો છે. રુદ્રપ્રયાગ, ઉત્તરકાશી અને ગઢવાલ જિલ્લાના અનેક વિસ્તારમાં પણ સવારથી વરસાદ ચાલુ છે.

STRENGTH OF FASHION
built stitch by stitch, brand by brand, market by market
India's leading women's branded apparel company*

**Strongly positioned to leverage future potential:** The underpenetrated women's apparel market of US $19 billion as of Fiscal 2017 is expected to reach US $42 billion by 2025

**Corporate Culture:** Professional management team with significant equity ownership and proven track record



**Capital Efficient and Scalable Business model:** Store leases, franchisees and job worker agreements allow capital efficiency, low capital expenditure and scalability

**Longstanding relationships with suppliers and job workers:** Robust and scalable sourcing and manufacturing base with approximately 181 suppliers and 78 job workers, over the last fiscal



**Institutionalised Design Process:** 1600 products launched in Fiscal 2018; seek to refresh products in stores every 2-3 weeks

**Pan-India retail network:** 3462 points of sale across 31 States and UTs as of March 31, 2018, with plans to open 75-85 EBOs every year; presence also in Mauritius, Sri Lanka and Nepal

**Portfolio of established Brands – W, Aurelia and Wishful:** Three strong homegrown brands covering a range of design sensibilities, occasion, usage and price points

TCNS
CLOTHING CO. LIMITED
W | aurelia | WISHFUL
wforwoman.com | shopforaurelia.com

Adfactors 624

*In terms of total number of exclusive brand outlets as of May 2018, according to Technopak.

TCNS Clothing Company Limited is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, an initial public offering of its equity shares and has filed the Red Herring Prospectus ("**RHP**") with the Registrar of Companies. The RHP is available on the websites of Securities and Exchange Board of India, Kotak Mahindra Capital Company Limited and Citigroup Global Markets India Private Limited at www.sebi.gov.in, www.investmentbank.kotak.com and www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details, refer to the RHP, including the section titled "*Risk Factors*" beginning on page 14 of the RHP, which highlights various risks and uncertainties involved, including Company's (i) inability to anticipate and respond to changes in fashion trends and customer preferences in a timely and effective manner; (ii) inability to maintain and grow brand image; (iii) inability to identify customer demand accurately and maintain an optimal level of inventory; (iv) inability to effectively manage or expand its retail network; (v) current locations of EBOs becoming unattractive, and suitable new locations not available for reasonable prices; (vi) failure to maintain relationships with third parties such as franchised EBOs, LFSs, MBOs and online retailers; (vii) inability to obtain sufficient quantities or desired quality of products from job workers in a timely manner or at acceptable prices; and (viii) inability to compete effectively against existing or potential competitors.
This public announcement is for informational purposes only and is not an offer to buy any securities and does not constitute an offer to sell securities in any jurisdiction or in any circumstances in which such offer is unlawful. The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("**U.S. Securities Act**") or any state securities laws in the United States, and unless so registered may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, such Equity Shares are being offered and sold (i) outside of the United States in offshore transactions in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur; and (ii) to "qualified institutional buyers" (as defined in Rule 144A ("Rule 144A") under the U.S. Securities Act), pursuant to the private placement exemption set out in Section 4(a) of the U.S. Securities Act.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા
₹39*/1 L
અમૂલ તાજા




500mL: ₹ 20*, 200mL: ₹ 8.50*
*MRP (incl. of all taxes), transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079 - 23969055/56/57